આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૨૨ | ૩ ફેબ્રુઆરી, ૨૦૧૪, સોમવાર; મહા સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

દુનિયામાં અકારણે વેરી ઘણાં હોય છે, તમે અકારણ ઉપકારી બનજો
- રામદેવ

## NEWS બિટસ

**● હરિયાણના મુખ્યમંત્રીને યુવાને થપ્પડ મારી**



હરિયાણાના મુખ્યમંત્રી ભૂપેન્દર હુડ્ડાને પાણીપત ખાતે રેલી દરમ્યાન બેરોજગારીથી કંટાળેલ યુવાને ગાડી પર ચડી મુખ્યમંત્રીને જાહેરમાં થપ્પડ મારતાં ભારે ચકચાર મચી જવા પામી હતી.

**● આપ ચૂનૌતી છે અને ચેતવણી પણ છે**

કોંગ્રેસના મહામંત્રી જનાર્દન દ્વિવેદીએ આજે



પત્રકારો સાથેની અનૌપચારિક વાતચીતમાં જણાવ્યું હતું કે, આમ આદમી પાર્ટી રાષ્ટ્રીય રાજકીય પક્ષો માટે પડકાર અને અને ચેતવણી પણ છે. બધા જ રાજકીય પક્ષોએ આપમાંથી ઘણું બધું શીખવું જોઈએ.

**● એનસીપી યુપીએ સાથે જ છે અને રહેશે**

એન. સી. પી.ના પ્રમુખ શરદ પવારે જણાવ્યું હતું કે, આગામી લોકસભાની ચૂંટણીમાં અમારો પક્ષ



યુ.પી.એ.ના એક ભાગ તરીકે જ ચૂંટણી લડશે એમાં કોઈ શંકાને કારણ નથી. આગામી અઠવાડિયામાં કોંગ્રેસ સાથે બેસી અને બેઠકોની સમજુતિને આખરી ઓપ આપવામાં આવશે.

**● થાંભલા પરથી નીચે ઉતરવા ચરણસિંહની સોગંદ ખવડાવતા મોદી**

મેરઠમાં ભાજપની મહાગર્જના રેલીમાં ભારે ભીડને કારણે બે યુવાનો સાઉન્ડ-લાઈટના થાંભલા પર ચઢી પ્રધાનમંત્રીના ઉમેદવાર નેરન્દ્ર મોદીના પ્રવચનને સાંભળતા હતા. જ્યારે મોદીની નજર પડતા બન્ને થાંભલા પરથી નીચે ઉતરવા ચૌધરી ચરણસિંઘની સોગંદ ખવડાવી હતી. તાત્કાલિક નીચે ઉતરવા અપીલ કરતા બન્ને ઉતરી ગયા હતા.

# જીલ્લામાં રિસર્વેની કામગીરી ઝડપી બનાવવા તાકિદ

## હજુ સુધી માત્ર ૩૩ જ ગામોમાં કામગીરી પૂર્ણ થઈ છે : બે વર્ષથી ચાલતી કામગીરીની મંથર ગતિ સામે સખ્ત નારાજગી વ્યક્ત કરતા કલેક્ટર

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં જમીન રીસર્વેની કામગીરી અત્યંત ધીમી ગતિએ ચાલી રહી હોવા અંગે જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. પી. સ્વરૂપે તંત્રના અધિકારીઓ સમક્ષ સખ્ત નારાજગી વ્યક્ત કરી કામગીરીમાં ગતિ લાવવા તાકિદ કરી છે. માત્ર ૩૩ ગામોમાં જ આ કામગીરી અત્યાર સુધીમાં થઈ શકી છે.

માર્ચ-૨૦૧૪ સુધીમાં જિલ્લામાં રિસર્વેની કામગીરી પૂર્ણ કરવાનો લક્ષ્યાંક ગત વર્ષે લેવામાં આવ્યો હતો. ઓગષ્ટ-૨૦૧૩ સુધીમાં ગામોની માપણી પ્રક્રિયા સંપન્ન થઈ ગઈ હતી. પરંતુ પ્રમોલગેશનની કામગીરી પણ અત્યંત ધીમી ગતિએ ચાલી રહી છે.

મળતી વિગતો પ્રમાણે ડીસ્ટ્રીક્ટ લેન્ડ રેકોર્ડઝ કચેરી દ્વારા ૬૮ ગામોની દરખાસ્તો નવા રેકર્ડઝ સાથે પ્રમોલગેશન માટે મોકલવામાં આવી હતી. જે પૈકીની ૩ દરખાસ્તો હાલ મામલતદાર કક્ષાએ ચકાસણી હેઠળ છે.

તો ૨૪ જેટલા ગામોની દરખાસ્તોમાં ક્ષતિપૂર્તિ માટે તે ડી.આઈ.એસ.આર.ને પરત મોકલવામાં આવી છે. તો ૮ ગામોના પ્રમોલગેશનની કામગીરી હાલ ગતિમાં છે. જ્યારે ૩૩ ગામોના નવા નકશા તૈયાર થઈ ચુક્યા છે.

**ગાંધીનગરના ૨, દહેગામના ૨૧ અને કલોલ-માણસાના ૧૦ ગામોમાં કામગીરી સંપન્ન કરાઈ : ૨૪ ગામોની દરખાસ્તોમાં ક્ષતિ જણાતાં પરત મોકલાઈ**

જિલ્લાના ૨૯૫ ગામોમાંથી માત્ર ૩૩ ગામોમાં જ આ કામગીરી સંપન્ન થઈ હોવાથી જિલ્લા કલેક્ટરે સખ્ત નારાજગી વ્યક્ત કરી છે. બીજી તરફ છેલ્લા બે વર્ષથી જમીન રિસર્વેની કામગીરી ચાલી રહી છે પરંતુ હજુ સુધી તે પૂર્ણ ન થઈ હોવાથી તેની મુદતમાં વધુ એક વખત વધારો કરવાની ફરજ પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

જિલ્લા કલેક્ટરશ્રી સતત આ અંગે મહેસુલી અધિકારીઓને વાંધા-અરજીઓની સુનાવણી ઝડપથી પૂર્ણ કરવા ગત વર્ષથી ટપારતા રહ્યા છે પરંતુ યેનકેન કારણોસર આ કામગીરી અત્યંત ધીમી ગતિએ ચાલી રહી છે.

જે ગામોના નકશા આખરી કરવામાં આવ્યા છે તેમાં ગાંધીનગર તાલુકાના ૨ ગામ, દહેગામના ૨૧ ગામ, કલોલ અને માણસાના પાંચ-પાંચ ગામનો સમાવેશ થાય છે.

ગ્રામ્યકક્ષાએ મળેલા વાંધા સૂચનોનો ગ્રામ્યકક્ષાએ જ નિકાલ કરવામાં આવે છે. આ પછી તે મામલતદાર સમક્ષ રજુ થાય છે અને તે દરખાસ્તની ચકાસણી કરી આખરી સુનાવણી માટે પ્રાંત અધિકારી સમક્ષ રજુ કરવામાં આવે છે. જ્યાંથી તે અંગેની નોટીસો જારી કરી આખરી નકશા તૈયાર કરવાના હુકમો કરવામાં આવે છે.

કર્મચારીઓની ઘટતી જતી સંખ્યા તેમજ અતિ સંવેદનશીલ કામગીરી હોવાને કારણે ઉપરાંત સરકારી કાર્યભારણને લઈ આ કામગીરીમાં વિલંબ થઈ રહ્યાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે હવે દર પખવાડિયે કલેકટરશ્રીએ આ કામગીરીનો રિવ્યુ કરવાનો નિર્ણય લીધો છે અને આ માટે તંત્રને કડક તાકીદ કરી છે.



વસંતોત્સવ - ગાંધીનગરના સંસ્કૃતિ કુંજમાં આજકાલ વસંતોત્સવ પૂરબહારમાં ખૂલ્યો છે. રાજ્યના અને રાષ્ટ્રના કલાકારો ગાંધીનગરના આંગણે પોતાની પ્રસ્તુતિ કરવા પધાર્યા છે. અને ગાંધીનગર પણ ઉત્સાહપૂર્વક કલાને માણવા સંસ્કૃતિકુંજમાં ઉમટે છે... કાશ્મીરથી કન્યાકુમારી અને કચ્છથી કટક સુધીના કલાકારો આજકાલ ગાંધીનગરમાં છે. ગાંધીનગરનું આંગણું કલાના અભિષેકથી વધુ વાયબ્રન્ટ બની રહ્યું છે. *(તસવીર : દિપક જાની)*

# ગાંધીનગરમાં આમ આદમી પાર્ટી મોખરે

## શહેરમાં 'આપ'ના ૧૪ હજાર સભ્યો નોંધાયા, ભાજપના ૧૧ હજાર સભ્યો છે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં 'આપ' સભ્ય નોંધણી ઝુંબેશમાં ભાજપને પણ પાછળ ધકેલી સૌથી મોટું સંગઠ્ઠન ધરાવતી રાજકીય પાંખ બની છે.

આમ આદમી પાર્ટીએ હાથ ધરેલી સભ્ય નોંધણી



ઝુંબેશમાં ગાંધીનગર શહેરમાં જ ચૌદ હજાર જેટલા સભ્યો નોંધાયા છે. ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકામાં પાછલા બારણે સત્તા મેળવનાર ભારતીય જનતા પક્ષના ૧૧ હજાર પ્રાથમિક સભ્યો નોંધાયેલા છે.

બંને પક્ષો વચ્ચે શહેરમાં હવે રાજકીય જંગ જામશે તેમ રાજકીય નિરીક્ષકો માની રહ્યા છે.

આમ આદમી પાર્ટીના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલાના ગ્રામ્ય વિસ્તારમાં પણ તેમની પાર્ટીને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અને શહેર ગ્રામ્ય વિસ્તારમાં થી ૨૨ હજાર જેટલા સભ્યો નોંધાયા છે.

આમ આદમી પાર્ટીએ તાજેતરમાં જ ગાંધીનગર શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારને આવરી લેતી ઝાડુ યાત્રા યોજી હતી. બે દિવસના આ કાર્યક્રમમાં પક્ષની યાત્રાને સારો પ્રતિસાદ મળ્યો હતો.

આમ આદમી પાર્ટીના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે પક્ષ દ્વારા હવે જાહેર કાર્યક્રમો ટૂંક જ સમયમાં શરુ કરી પ્રજા સાથેનો નાતો ઘનિષ્ટ બનાવવામાં આવશે. આ માટેની રણનીતિ તૈયાર થઈ રહી હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

હાલતો ભાજપ સંગઠ્ઠનને મહાત કરી પક્ષે વિજયી શંખનાદ કર્યો છે. જો કે શહેરની સભ્ય સંખ્યા ૨૫ હજારથી પણ વધુ કરવાની મહેચ્છા પક્ષના આગેવાનો ધરાવી રહ્યા છે.

# કર્મચારીઓની લાભની જાહેરાતના સંકેતો

## બઢતી-બદલી સહિત મહત્વના પ્રશ્નો અંગે સરકાર ટૂંક સમયમાં જાહેરાત કરશે : કર્મચારીઓના કેન્ટીનટોક બની ગયેલા પ્રશ્નો

ગાંધીનગર, તા. ૨

આ સપ્તાહમાં કર્મચારીઓની બદલી-બઢતી સહિતના મહત્વના પ્રશ્નોને લઈ સરકાર દ્વારા જાહેરાતો થાય તેવી અટકળોને ગાંધીનગરના પ્રવાહો ઉત્તેજીત બની વહી રહ્યા છે.

સચિવાલયમાં કર્મચારીઓના પ્રશ્નો છેલ્લા ઘણા સમયથી પડતર પડ્યા છે. ગત જાન્યુઆરી માસમાં જ પાંચ સનદી અધિકારીઓ સહિત ૧૦૦ થી વધુ કર્મચારીઓ વય મર્યાદાને લઈ નિવૃત્ત થયા છે.

બીજી તરફ ચૂંટણી પંચે પણ જે અધિકારીઓને ફરજના ત્રણ વર્ષ એક જગ્યાએ થઈ ગયા હોય તેમની બદલી કરવા માટે સરકારને સૂચવ્યું છે. આ સંજોગોમાં આગામી સપ્તાહમાં સરકાર દ્વારા મહત્વના ફેરફારો કરવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

સચિવાલયના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ગુજરાતમાં સનદી અધિકારીઓના ૨૯૭ના મંજૂર થયેલા મહેકમ સામે અધિકારીઓની મોટી ઘટ છે. જેને કારણે ઘણા બધા વિભાગોમાં વધારાના હવાલા અધિકારીઓને સોંપવામાં આવ્યા છે. હમણાં ગુજરાત વહીવટી સેવાના છ અધિકારીઓને સનદી અધિકારી તરીકે બઢતી આપવામાં આવી છે તેમને પોષ્ટીંગ આપવાનું બાકી છે. આ ઉપરાંત ભારત સરકારમાંથી પરત ફરેલા અધિકારીઓને પણ પોષ્ટીંગ આપવાનું બાકી છે.

બીજી તરફ નવા રચાયેલા જિલ્લાઓમાં કેડર પોષ્ટો જિલ્લા વિકાસ અધિકારીની હજુ ખાલી પડેલી છે. આ જિલ્લાઓમાં નવુ મહેકમ પણ ભરવાનું બાકી છે.

કલાર્કમાંથી નાયબ મામલતદાર, મામલતદારમાંથી ડે. કલેક્ટર અને ડે. કલેક્ટરમાંથી એડી. કલેક્ટરની બઢતીના પ્રશ્નો પણ ફાઈલોમાં અટવાયેલા પડ્યા છે.

આ ઉપરાંત એડીશનલ કલેક્ટરોને સિલેક્શન ગ્રેડ આપવાની માંગણી છેલ્લા પાંચ વર્ષથી સરકારમાં પડતર પડી છે તે અંગે તેમજ આ નિમણુંકોને લઈ મહત્વના નિર્ણયો હવે લેવામાં આવશે તેમ મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ઘણા બધા નિર્ણયોની પ્રક્રિયા તેના અંતિમ તબક્કામાં છે અને રાજયના મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાં પડતર પડેલી છે. આ બધી જ બાબતો વિધાનસભાના સત્ર પહેલાં નિકાલ કરવામાં આવશે તેવી શક્યતાને લઈ પાટનગરમાં ભારે વહીવટીય ઉત્તેજનાઓ પ્રવર્તી રહી છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

PODAR INTERNATIONAL SCHOOL, GANDHINAGAR
PODAR EDUCATION NETWORK — Traditional Values | Modern Thoughts — Since 1927 — Podar Jumbo Kids
"INVITATION FOR PARENT SEMINAR"
Talk To Your School
Podar International School invites all the parents for an interactive session with the Trustees and the Management. The interaction is intended towards encouraging parents in making a determined choice for their child's future.
Entry FREE for all.
Day : Tuesday 4th, February ,2014
Venue : Fortune Inn Haveli
Time : 6.00 pm Onwards
7567500044
School Address: Shurshti Farm, Opp. Khakhria Prajapati Wadi, Por Kudasan Road, Gandhinagar
City Office Address: FF-122, Super mall - Infocity, Nr Gh "0" circle, Gandhinagar
www.podareducation.org/school/gandhinagar
Follow us on f

પ્રથમ પુણ્યતિથિએ
શ્રદ્ધાંજલિ



સ્વ. જયાબા કેસરીસિંહ વાઘેલા
સ્વ. તા. ૩/૨/૨૦૧૩
આપના દિવ્ય આત્માને ચિર શાંતિ માટે પ્રાર્થના
લિ.
કેસરીસિંહ ગોબરસિંહ વાઘેલા (લેકાવાડા)
અમરસિંહ વાઘેલા — ધવલસિંહ વાઘેલા
પ્રવિણસિંહ વાઘેલા — પૃથ્વીરાજસિંહ વાઘેલા